## (1) રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (NHRC) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે એક બંધારણીય સંસ્થા છે.

(2) તેના બંધારણમાં એક ચેરમેન અને 5 સભ્યો હોય છે.

(3) ચેરમેન ફરજિયાતપણે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશ કે ન્યાયાધીશ હોવા જોઈએ.

(4) તેઓની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

(A) માત્ર (1), (2) અને (3)   (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4)   (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ શ્રમિક સ્પેશિયલ ટ્રેનમાં કેટલાંક શ્રમિકોના મૃત્યુના કારણે ‘રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ’ દ્વારા સરકારને નોટીસ આપવામાં આવી છે.

⇛ NHRC એ એક વૈધાનિક સંસ્થા છે. તેની સ્થાપના માનવ અધિકારના સંરક્ષણ અધિનિયમ, 1993 હેઠળ કરવામાં આવેલી છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ અધિનિયમ હેઠળ રાજ્ય સ્તરે પણ રાજ્ય માનવ અધિકાર આયોગની સ્થાપના માટેની જોગવાઈ કરવામાં આવેલી છે.

⇛ તે એક બહુ–સભ્ય સંસ્થા છે જેમાં એક ચેરમેન અને 5 સભ્યો હોય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેના ચેરમેન તરીકે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશ કે ન્યાયાધીશ હોવા જરૂરી છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તેઓની નિમણૂક છ સભ્યોવાળી કમિટીની ભલામણ મુજબ રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ કમિટીના 6 સભયો : પ્રધાનમંત્રી, લોકસભાના સ્પીકર, રાજ્યસભાના ડેપ્યુટી ચેરમેન, બન્ને ગૃહના વિપક્ષ નેતા અને ગૃહમંત્રી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) 'બનાના કોવિડ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે કોરોના વાયરસ જેવો એક વાયરસ છે જે કેળામાં ફેલાય રહ્યો છે.

(2) વર્તમાન સમયે ઈકવાડોર દેશમાં આ રોગનું કેન્દ્રબિંદુ છે.

(3) આ રોગની પણ હજુ સુધી કોઈ ચોક્કસ સારવાર મળી નથી.

(4) આ ચેપ હજુ સુધી ભારતમાં ફેલાયો નથી.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (3) અને (4) (D) માત્ર (1) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં કેળાના પાકને એક નવી ફૂગની પ્રજાતિ અસર કરી રહી છે. જેનું નામ **'Fusarium wilt TR4'** છે. (આથી, વિધાન **(1)** ખોટું છે.)

⇛ તેને **COVID-19**ની સમકક્ષ ગણવામાં આવે છે કારણ કે, **COVID-19**ની જેમ આ નવા ફૂગના ચેપની પણ કોઈ સારવાર નથી. આથી, જ આ ચેપને 'બનાના કોવિડ' તરીકે પણ ઓળખવામાં આવે છે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇛ ઈકવાડોર કે જે કેળાની નિકાસ કરનાર મુખ્ય દેશ છે તે હાલ આ રોગના ફેલવાનું કેન્દ્ર બિંદુ છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ ભારતમાં પણ આ ફૂગનો ફેલાવો કેળાના ઉત્પાદનને અસર કરી રહ્યો છે. ભારતમાં બિહાર અને ઉત્તર પ્રદેશ આ ફૂગના હોટસ્પોટ છે. (આથી, વિધાન **(4)** ખોટું છે.)

⇛ ભારત વિશ્વમાં કેળાનું સૌથી વધુ ઉત્પાદન કરતો દેશ છે. ઉપરાંત કેળાએ વિશ્વમાં સૌથી વધુ નિકાસ થતું ફળ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(3) આફ્રિકન સ્વાઈન ફીવર (ASF) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે મુખ્યત્વે પાલતું અને જંગલી ભૂંડને થતો રોગ છે.

(2) આ રોગ સૌપ્રથમ 1920ના દશકમાં આફ્રિકામાં જોવા મળ્યો હતો.

(3) આ રોગનો મૃત્યુદર લગભગ 100% જેટલો છે.

(4) આ રોગથી માણસને આરોગ્યનો કોઈ ખતરો નથી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- D**

**સમજૂતી :**

⇒ આફ્રિકન સ્વાઈન ફીવર એ એક ખૂબ જ ચેપી અને ભયજનક રોગ છે જે જંગલી તથા પાલતું ભૂંડને અસર કરે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ આ રોગ સૌપ્રથમ 1920ના દશકમાં આફ્રિકામાં જોવા મળ્યો હતો. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ આ તાવનો કોઈ ઈલાજ નથી અને તેનો મૃત્યુદર 100%ની નજીક છે. આ રોગને પ્રસરતો રોકવાનો એકમાત્ર ઉપાય છે કે દરેક ચેપી પશુની હત્યા કરવી જેથી તે સ્વસ્થ પશુમાં ફેલાય નહીં. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ આ રોગ માત્ર પ્રાણી–પ્રાણી વચ્ચે પ્રસરી શકતો હોવાથી માનવ આરોગ્યને કોઈ ખતરો નથી. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

## (4) 'હર્બલ રોડ પ્રોજેક્ટ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ પ્રોજેક્ટ બિહાર રાજ્યનો છે.
(2) તેમાં રસ્તાની બન્ને બાજુ 'હર્બલ ટ્રી' રોપવામાં આવશે.
(3) આ વૃક્ષોમાંથી ઔષધી માટેની કાચી પેદાશો મળી રહેશે.
(4) રાજ્યના 'પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના'માં સમાવિષ્ટ ગ્રામ્ય સડક પર આ વૃક્ષો રોપવામાં આવશે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (3) અને (4)
(C) માત્ર (2) અને (3) (D) માત્ર (1) અને (4)

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા હર્બલ રોડ પ્રોજેક્ટનું અમલીકરણ 800 kmના માર્ગ પર કરાવવામાં આવશે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ પ્રોજેક્ટ હેઠળ, ઔષધીય મૂલ્યો ધરાવતાં વૃક્ષો (હર્બલ ટ્રી)ને રસ્તાની બન્ને બાજુ સ્થાપવામાં આવશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ વૃક્ષો દ્વારા 2 પ્રકારના લાભ થઈ શકશે.
(i) ઔષધી માટેની કાચી પેદાશો મળી રહેશે.
(ii) જમીનના ઘસારણને અટકાવવામાં મદદ મળી શકશે.
(આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ વૃક્ષોને 800 kmના રાજ્ય ધોરીમાર્ગ તથા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર રોપવામાં આવશે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) શેરડી તથા ઈથેનોલના ઉદ્યોગ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) વિશ્વમાં શેરડીના ઉત્પાદનમાં બ્રાઝિલ પ્રથમ ક્રમે છે.
(2) પેટ્રોલની સાપેક્ષે ઈથેનોલમાં કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન 90% ઓછું થાય છે.
(3) ભારતમાં ઈથેનોલ બ્લેન્ડીંગ પ્રોગ્રામ હેઠળ પેટ્રોલમાં સરેરાશ રીતે 6% ઈથેનોલ ભેળવેલું જોવા મળે છે.
(4) 'નેશનલ પોલિસી ઓન બાયોફ્યુલ્સ 2018' મુજબ વર્ષ 2030 સુધીમાં ભારતમાં પેટ્રોલમાં 50% ઈથેનોલ મિશ્ર કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- A**

**સમજૂતી :**

⇒ બ્રાઝિલે ભારતને વધુ અસરકારક ઈથેનોલ બ્લેન્ડીંગ પ્રોગ્રામ ચલાવવાની ભલામણ કરી છે. આ દ્વારા ભારતના ખાંડના ઉત્પાદનમાં ઘટાડો થશે અને વિશ્વમાં જોવા મળી રહેલાં ખાંડના વધુ જથ્થાને નિયંત્રણમાં લાવી શકાશે.

⇒ બ્રાઝિલ વિશ્વમાં શેરડીના ઉત્પાદનમાં પ્રથમ ક્રમે છે, જ્યારે ભારત બીજા ક્રમે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ ઈથેનોલ બ્લેન્ડીંગ પ્રોગ્રામ દ્વારા ભારતની આયાતી ક્રુડ ઓઈલ પરની નિર્ભરતાને ઘટાડી શકાશે.

⇒ ઉપરાંત પેટ્રોલની સાપેક્ષે ઈથેનોલમાં કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન 90% ઓછું થાય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ ભારતમાં આ કાર્યક્રમ હેઠળ સરેરાશ રીતે પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ 6% જેટલું જોવા મળે છે, જ્યારે બ્રાઝિલમાં આ પ્રમાણ 48% જેટલું છે (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ નેશનલ પોલિસી ઓન બાયોફ્યુઅલ 2018 હેઠળના લક્ષ્યાંકો : (i) 2030 સુધીમાં પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ 20% કરવું (ii) 2030 સુધીમાં 5% બાયો–ડિઝલનું બ્લેન્ડીંગ કરવું. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT